રથયાત્રા આડે હવે ખુબ ઓછા દિવસો રહ્યા છે ત્યારે રથયાત્રાની તૈયારીઓ તડામારરીતે ચાલી રહી છે. જરૂરી રથ અને અન્ય સાધનો તૈયાર કરવામાં આવી રહ્યા છે

ખેડબ્રહ્મામાં હોસ્પિટલનું નવું મકાન ધૂળ ખાય છે

૧૫૦ પથારી અને ત્રણ કરોડના ખર્ચે બનેલ મકાનમાં હોસ્પિટલ ખસેડવા માંગ

ખેડબ્રહ્મા, તા.૨૮

ખેડબ્રહ્મામાં જનરલ હોસ્પિટલનું નવીન મકાન ઉદઘાટનની રાહ જોવામાં ધૂળ ખાઈ રહ્યું છે આ નવીન મકાનમાં હોસ્પિટલ ખસેડવા લોક માંગ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મામાં જનરલ હોસ્પિટલનું ચાર માળ વાળુ અદ્યતન સુવિધાઓ ધરાવતું નવીન મકાન ઉદઘાટનની રાહ જોવામાં ધુળ ખાઈ રહ્યું છે. આ નવીન મકાનમાં આઈસીયુ, ઈમરજન્સી ઓપરેશન થિયેટર, ડાયાલીસીસ સેન્ટર-કમ્યુનીટી હોલ-લીફટની સુવિધાવાળુ રૂપિયા નવ કરોડ છ લાખના ખર્ચે બનાવવામાં આવ્યું છે. ધરતીકંપના સંજોગોમાં લીફ્ટ બંધ થઈ જાય તો રેમ્પ (ઢાલ)ની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. ૧૫૦ પથારીની સુવિધા વાળુ મકાન ઘણા લાંબા સમયથી તૈયાર થયા પછી ખુળ ખાઈ રહ્યું છે. આ નવીન મકાનમાં હોસ્પિટલ કાર્યરત ન થતાં લોકો અદ્યતન સુવિધાઓથી વંચિત થઈ રહ્યા છે આ નવીન મકાનમાં હોસ્પિટલ ખસેડવા લોકોમાં માંગ ઉઠવા પામી છે.

હિંમતનગર સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સિવીલ સર્જન ડો. આર.ડી. પરીખે જણાવ્યું હતું કે ફર્નીચરની સુવિધા ઉભી કરી ટુંક સમયમાં નવીન હોસ્પિટલના મકાનનું ઉદઘાટન કરવામાં આવશે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

અમરેલીમાં દૂરસંચાર અને વિજ પુરવઠો સ્થાપિત થતાં મોટી રાહત

વિજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે પાણીના નિકાલમાં પણ સમસ્યા આવી રહી છે : ઘણા વિસ્તારોમાં રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો હોવાના અહેવાલ

અમદાવાદ,તા. ૨૮

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હાલમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે દૂર સંચાર અને વિજળી પુરવઠો ઠપ થઈ ગયો હતો. ખાસ કરીને અમરેલીમાં અંધારપટની સ્થિતિ છવાઈ ગઈ હતી પરંતુ હવે ભારે વરસાદ બાદ સ્થિતિમાં સુધાર થતાં દૂર સંચાર અને વિજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યો છે જેથી અમરેલી અને આસપાસના વિસ્તારોમાં પુરગ્રસ્ત લોકોને મોટી રાહત મળી ગઈ છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારો વિજપુરવઠો સ્થાપિત થઈ ગયો છે. બીજી બાજુ જે ગામોમાં વિજળી અને દૂરસંચારની સુવિધા હજુ સુધી સ્થાપિત કરવામાં આવી નથી ત્યાં આગામી બે દિવસના ગાળામાં તમામ સુવિધા સ્થાપિત કરી લેવામાં આવશે તેમ માનવામાં આવે છે. તંત્ર દ્વારા ખુબ જ ઝડપથી પગલા લેવાઈ રહ્યા છે.

સરકારી પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપની પશ્ચિમ ગુજરાત વિજ કંપનીના જણાવ્યા મુજબ પુરગ્રસ્ત ૨૩૯ગામોમાં ભારે વરસાદ અને પુરના કારણે વિજનો પુરવઠો ખોરવાઈ ગયો હતો. ઈલેક્ટ્રીક થાંભલા પડી ગયા હતા. જો કે, હવે ૧૯૦થી વધુ ગામોમાં વિજ પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો છે. બાકીના ગામોમાં આગામી ૪૮ કલાકમાં વિજપુરવઠો સ્થાપિત કરી દેવામાં આવશે. ૧૪૮ મોબાઈલ ટાવરો પૈકીના ૮૪ મોબાઈલ ટાવરો ફેરસ્થાપિત કરી દેવાયા છે. બાકીની કામગીરીને ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે.

પુરની સ્થિતિના કારણે ૨૪ કિલોમીટર લાંબા વિસ્તારમાં બીએસએનએલના ઓપ્ટીકલ ફાયબર કેબલને ભારે નુકસાન થયું હતું જેથી દૂર સંચાર વ્યવસ્થા ઠપ થઈ ગઈ હતી પરંતુ આ વ્યવસ્થા ફરી સ્થાપિત થઈ ચુકી છે. વિજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે પાણીને દૂર કરવા માટે પમ્પ પણ કામ કરી રહ્યા ન હતા. આના કારણે વધારે જટીલ સમસ્યા સર્જાઈ હતી.

ભારે તોફાની પવન સાથે વરસાદના લીધે ૧૬ વોટરહેડ વર્ક ઠપ થઈ ગયું હતું. વિજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે પાણી પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. ૯૦થી વધુ ગામોમાં પાણી પુરવઠા માટે ટેન્કરોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસાના દાવલી પાટીયા નજીક ટ્રકે કારને અડફેટે લેતા બે વ્યકિતઓ ઈજાગ્રસ્ત

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દાવલી ગામ નજીક ગઈ કાલે નેશનલ હાઈવે નં. ૮ પર ટ્રક અને ફોર્ડ ફીગો (નં. આરજે૩૦સીએ૨૩૬૧) વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર બે વ્યકિતઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા ગામ લોકોએ હાઈવે એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

બડોલીમાં જમીન પચાવી પાડવા મામલે ત્રણ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

ઈડર તાલુકાના બડોલી ગામે આવેલ અંદાજે ૨ હેકટરથી વધુ જમીન ગામના જ ત્રણ શખ્સોએ પચાવી પાડવા માટે ખોટુ પેઢીનામુ કરી, ખોટી સહીઓ કરી તેના દસ્તાવેજ બનાવી તેનો ઉપયોગ કર્યાની ફરિયાદ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે બડોલી ગામના રમેશભાઈ પશાભાઈ પટેલ અને ભીખાભાઈ પશાભાઈ પટેલે ગત તા.૪/૬/૧૯૯૮ ના રોજ બીજાની માલિકીના સર્વે નં.૮૩/બ્લોક ૨૫૪ની ૨-૦૬-૩૯ હે.આરે.ચો.મી. જમીન હીરાભાઈ વેણાભાઈ પટેલના નામે હોવા છતાં તત્કાલિન તલાટી ભીખાભાઈ પશાભાઈ પટેલ અને રમેશભાઈ પશાભાઈ પટેલ તથા જીતુભાઈ પરમાર દ્વારા ખોટુ પેઢીનામુ કરવામાં આવ્યુ હતું અને તેમાં ખોટી સહીઓ કરી, ખોટા દસ્તાવેજો બનાવી તેને સાચા તરીકે રજુ કરવામાં આવ્યા હતા. તેમજ નામ કમીની પણ નોંધ કરાવાઈ હતી. જે અંગે બડોલીના મમતાબેન અશ્વિનભાઈ પટેલે શનિવારે ત્રણેય જણા વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ડાયાલીસીસ સેન્ટર ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુવિધા છે તેમાં વધુ ૧૦૦ પથારીની ક્ષમતા વધારવામાં આવશે. તાજેતરમાં કોલેજના તમામ હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ્સ સાથે આ સંદર્ભે વિગતો સાથેનો અહેવાલ તૈયાર કરવા જણાવી દેવાયું છે. જેથી કયા વોર્ડમાં કેટલી પથારીની જરૂરિયાત રહેશે અને ક્યાં વધારો કરવો તેનો અંદાજ મળી જશે.

મળતી વિગતો પ્રમાણે મેડીસીન તેમજ ગાયનેક વોર્ડની સેવાઓ સઘન બનાવી વધુ આધુનિક બનાવવામાં આવશે.

ગાંધીનગર સિવિલના અપગ્રેડેશનની કામગીરી ડિસેમ્બરના અંત સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે. કોલેજના ફાયનલ પરની મંજૂરી પૂર્વે જ આ કામગીરી પૂર્ણ કરી અરજી કરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

ઘટનાઓ ચિંતાજનક ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા નરોડા વિસ્તારમાં આવી જ એક ઘટનામાં એક યુવાનના બંને કાન કાપી નંખાયા હતા તેવી અનેક ઘટનાઓ લોકમુખે ચર્ચાઈ રહી છે. આ પ્રકારના હૂમલાઓમાં કોઈ લૂંટ કે કે ચોરી કરાતી નથી તેથી પોલીસ પણ અવઢવમાં મુકાઈ છે. એક મત પ્રમાણે પશુચોરો તેમની સરળતા માટે ગ્રામજનોને બહાર આંગણામાં સુવાને બદલે ઘરમાં સુતા કરવા આ પ્રકારનો ભય ફેલાવી રહ્યાં છે. જેથઈ પછીના સમયમાં તેઓ સરળતાથી પશુચોરી કરી શકે.

આ પ્રકારના હૂમલામાં ચાર-પાંચ શખ્સોથી લઈને ૨૫-૩૦ સુધીની સંખ્યામાં હૂમલાખોરો આવે છે. તેઓ કોઈ વાહન લઈને નથી આવતા પરંતુ છુટા છવાયા આવી નિશ્ચિત સમયે અચાનક એકઠા થઈ હૂમલો કરે છે. અને તીષ્ણ હથિયારો સાથે હોકારા-પડકારા કરતા પલકવારમાં દોડીને અદૃશ્ય થઈ જાય છે. ચહેરા પર માસ્ક અને શરીરથી પકડી ના શકાય તે માટે તેલ ચોપડીને આવતા આ હૂમલાખોરો આદિવાસીઓ પ્રકારની ભાષા બોલતા હોય છે તેથી કેટલાકના મતે આ પ્રકારના હૂમલામાં આદિવાસીઓનો અસંતોષ જવાબદાર હોવાનું જણાઈ રહ્યું છે. શું આ પ્રકારના હૂમલાઓ ગુજરાતમાં પણ માઓવાદ કે નક્સલવાદ જેવી પ્રવૃત્તિઓ તો આકાર નહીં લઈ રહી હોય તેવો સવાલ ખડો કરે છે.

વાદળો ગાયબ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માહોલ યથાવત રહેવા પામ્યો હતો.

વાતાવરણમાં ભેજનું ઊંચુ પ્રમાણ અને સાથે તાપમાનનો વધતો પારોને કારણે અસહ્ય ઉકળાટ નગરજનોને અકળાવી રહ્યો છે. આકાશમાં દેખાતા છુટાછવાયા વાદળોની સંખ્યા પણ ઘટવા પામી રહી છે. જેના કારણે ફરી એકવાર ચોમાસુ પાછુ ઠેલાઈ રહ્યું હોવાના સંકેત સાંપડી રહ્યાં છે. દિવસ દરમ્યાન વાતાવરણ સ્વચ્છ અને ઉષ્ણ રહેવા પામ્યું હતું પરંતુ સાંજના સમયે પવનની લહેરખીઓએ નગરજનોને ઉકળાટમાં રાહત આપનારી અનુભવાઈ હતી.

ફરી એકવાર નગરજનો આકાશ ભણી મીટ માંડી મેઘરાજાએ પધરામણીના સંકેત આપ્યા બાદ ક્યાં સંતાઈ ગયા તે શોધવા પ્રયત્ન કરતા નજરે ચઢે છે. હાલ તો નગરજનો ફરીથી વરસાદી વાદળો ઘેરાય અને ધોધમાર વરસાદ વરસે તેની રાહ જોતા રોજ સાંજે આકાશમાં સૂર્યાસ્ત સમયે સર્જાતા રંગબેરંગી નજારાને માણવા ધાબે ચઢી જાય છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો પણ પ્રથમ વરસાદે ખરીફ પાકોના વાવેતર કરી દીધા બાદ મેઘરાજાની હાથતાળી દઈ છટકી જવાના કારણે ચિંતાગ્રસ્ત બન્યાં છે. વાવેતર નિષ્ફળ ન જાય તે માટે ધરતીપુત્રો રોજ આકાશ ભણી મીટ માંડી વરસાદ આવે તે માટે મનોમન વરૂણદેવને પ્રાર્થના કરી રહ્યા છે.

શબ્દાવલી - ૫૭૭૩

૧				■	૨		૩
	■	■	■	૪		■	
૫	૬	૭		■	■	૮	■
૯			■	૧૦	■	૧૧	
■	૧૨				૧૩	■	■
૧૪			■	૧૫		૧૬	
	■	૧૭	૧૮		■		■
૧૯		■		■	૨૦		

આડી ચાવી

૧. મહાભારતના યુદ્ધનું મેદાન (૪)
૨. ભરવાડ, રબારી જેવી એક જાત (૩)
૪. ઉપકાર, આભાર (૨)
૫. બલિદાન (૪)
૯. ફ્રી, વળતર વિના (૩)
૧૧. એક જંતુ (૨)
૧૨. મદ્રાસ આસપાસનો એક પ્રદેશ (૫)
૧૪. દેવી સરસ્વતી (૩)
૧૫. ઉદાસ, ગમમાં ડૂબેલ (૪)
૧૭. વહાણ કે વિમાનની દિશા નક્કી કરવા વપરાતું યંત્ર (૩)
૧૯. તાસક, રકાબી (૨)
૨૦. આવેગ, જોશ, જુસ્સો (૩)

ઊભી ચાવી

૧. કંકુ (૪)
૨. આડશ, કપાળમાં કરાતો યુ આકારનો ચાંદલો (૨)
૩. પત્તાની એક રમત (૨)
૬. ગતિ (૪)
૭. ગુપ્ત વાત - બાતમી પહોંચાડનાર (૫)
૮. અડીંગા, ઉતારો (૨)
૧૦. સ્નાન, તરવા માટે બનાવેલ જગ્યા (૪)
૧૩. 'મડુ' શબ્દ ઊંધો (૨)
૧૪. જમીનમાં બોડ કરીને રહેતું એક અણીદાર પીંછાણું પ્રાણી(૩)
૧૬. ગીરો, ગીરવું તે (૩)
૧૮. વિટપ, ડાળખી (૨)

શબ્દાવલી ૫૭૭૨ના જવાબ

આડી ચાવી :- (૧) શીકર (૪) ધરપત (૭) શબવાહિની (૯) છીણ (૧૦) નમક (૧૧) ગીગી (૧૨) પગલુ (૧૪) લક્ષ (૧૬) ખાણ (૧૭) પાપ (૧૯) લીપણ (૨૧) નિકલ (૨૩) તિર (૨૪) મરક મરક

ઊભી ચાવી :- (૧) શીશમહેલ (૨) કબ (૩) રવાનગી (૪) ધનીક (૫) પછી (૬) તણખલું (૮) હિમગીરી (૧૨) પખાલી (૧૩) ગણપતિ (૧૫) ક્ષપાકર (૧૮) પલક (૨૦) ણરમા (૨૧) નિમ (૨૨) ભાર

ટાઈમલાઈન ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધૂરી પડી છે. તપાસનીશ અધિકારીઓ ઘટનાની તપાસ અધુરી રાખે તો તેની કોઈ સજા નથી. પેનલ પરના ઓફિસરોને ખાતાકીય કેસોની તપાસ કરવાનું કહેવામાં આવે છે પરંતુ કોણ જાણે તેના રિપોર્ટ સમયસર આવતા જ નથી. જેની સામે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનની તપાસ હોય છતાં કામ અત્યંત ધીમું ચાલતું હોય તેવું પણ બને છે. વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સામે સીબીઆઈની તપાસ કરીને સરકારે શું મેળવ્યું તે સરકાર જ જાણે, પરંતુ વળતા પ્રહારમાં દિલ્હીની સરકાર પણ હચમચી ઉઠી છે. સીબીઆઈના દરોડા પડ્યા, પછી શું..?!! એનો કોઈ જવાબ નથી. સરકારમાં ઘણાં એવા ઓફિસરો પ્રાઈમ પોસ્ટીંગ પર બેઠાં છે કે જેમના હાથ ભૂતકાળમાં ખરડાયેલા છે...

આપણે આ કેવો વિકાસ કરવાનો છે ...

ગુજરાતમાં ડેવલપમેન્ટના નામે હજારો વૃક્ષોને કાપવા પડે તેને અણઘડ આયોજન તો કહેવાય ને...! રોડ બનાવવા, મકાન બનાવવા, શોપિંગ કોમ્પ્લેક્સ બનાવવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા વર્ષોની જહેમત બાદ મોટા થયેલા લીલાછમ વૃક્ષોને કાપવામાં આવે તે સરકાર અને જનતા માટે શોભાસ્પદ નથી. કહેવાય છે કે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેના સર્વિસ રોડને ફોરલેન કરવા માટે સરકારે જંગલ વિભાગ પાસે ૩૦૦૦ કરતાં વધુ વૃક્ષો કાપવાની પરવાનગી માગી છે. કોબા થી ઈન્દિરા બ્રીજ સુધીના માર્ગમાં આ વૃક્ષોને ધરાશયી કરવામાં આવશે કે જેને ઉછેરવામાં વર્ષો નિકળી ગયા છે. વૃક્ષની સાઈડમાંથી માર્ગ કાઢવાનું સરકારે નેધરલેન્ડ જેવા નાના દેશો પાસેથી શિખવું જોઈએ...

ધીરૂભાઇ અંબાણી કિતાબોમાં આવશે ...

જો તમે સપના નહીં જુઓ તો બીજા કોઈ સપના પૂરા કરવા તમારી મદદ લઈ જશે... જે લોકો સપના જોવાની હિંમત રાખે છે તે પૂરી દુનિયા જીતી શકે છે... આ વાક્યો રિલાયન્સના પ્રણેતા અને ફાઉન્ડર ધીરૂભાઈ અંબાણીએ કહ્યા છે. વર્તમાન સમયમાં તેમના કોટ્સ બિઝનેશ વર્લ્ડમાં બહુ ફેમસ બનેલા છે તેથી સરકાર પણ તેમના જીવનને અભ્યાક્રમમાં વણી લેવા તૈયાર થઈ છે. હવે આપણને ધીરૂભાઈનું જીવન અને તેમણે આપેલી પ્રેરણા સ્કૂલોના પાઠ્યક્રમમાં જોવા મળશે. ગાંધીનગરમાં મળેલી શિક્ષણની બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે ધોરણ૯ થી ધોરણ૧૨ના પાઠ્યપુસ્તકોમાં ત્રણ મહાન પુરૂષોના જીવન ચરિત્ર્યના પાઠ દાખલ કરવામાં આવશે. આ ત્રણ મહાપુરૂષોમાં એક ધીરૂભાઈ અંબાણી છે. બીજા બે સાહિત્યકારો ઉમાશંકર જોષી અને પન્નાલાલ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ ઉપરાંત રાજયનો શિક્ષણ વિભાગ ગર્લ ચાઈલ્ડ, ગ્લોબલ વોર્મિંગ, સ્વચ્છતા મિશન, આરોગ્ય, જેન્ડર જસ્ટીસ અને યોગાને અભ્યાસક્રમમાં દાખલ કરવા જઈ રહ્યો છે...

મહિલા બહાર સુરક્ષિત, ઘરમાં નહીં ...

ગુજરાતના શહેરોની મહિલાઓ રસ્તા પર કે બહાર સુરક્ષિત હોવાનો અનુભવ ભલે કરી રહી હોય, પરંતુ આ મહિલાઓ તેમના ઘરની ચાર દિવાલોમાં સુરક્ષિત નથી. અમદાવાદની માહિતી મેળવીએ તો આ શહેરમાં મહિલા મેયર છે છતાં મહિલાઓ સૌથી વધુ અસુરક્ષિતતા મહેસૂસ કરે છે. સરકાર તરફથી જ શરૂ કરવામાં આવેલી ૧૮૧ અભિયમ મહિલા હેલ્પલાઈનમાં પ્રતિદિન ૨૫ થી ૩૦ કોલ નોંધાય છે. આ કોલમાં મહિલાઓ પોતાના ઘરમાં જ સુરક્ષિત નહીં હોવાની ફરિયાદ કરે છે. અભયમ હેલ્પલાઈનમાં સૌથી વધુ ૭૮૫૧ કોલ્સ ઘરેલું હિંસાના મળ્યા હતા જેમાં શારિરીક ત્રાસ આપવાના ૧૮૬૩ કોલ આવ્યા હતા. છેડતી કરવાના ૧૩૯૨ અને માનસિક ત્રાસના ૧૨૪૭ કેસ નોંધાયા છે. ઘરમાંથી કાઢી મૂકવાના ૪૧૩ અને બળજબરીથી લગ્ન કરવાના ૭૫ કોલ્સ હતા. પાડોશી દ્વારા હેરાનગતિ કરવાના ૧૦૨ કોલ્સ નોંધાયા છે...

અભયમ હેલ્પલાઇન આશીર્વાદરૂપ છે ...

મહિલાઓ માટે અભયમ હેલ્પલાઈન કોલસર્વિસ મહિલાઓ અને યુવતિઓ માટે આશીર્વાદરૂપ તો છે જ, સાથે સાથે એવું પણ સામે આવે છે કે ગુજરાતની ગૃહિણી તેના ઘરમાં કે શહેરમાં કેટલી સલામત રહી શકે છે. આજકાલ તો સરકારી તેમજ ખાનગી ઓફિસમાં છેડતીના બનાવો વધી રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં આ હેલ્પલાઈન ઉપર અમદાવાદમાં ૮૭૪૭ કોલ્સ નોંધાયા હતા જે પૈકી પોલીસે ૧૧૭૦ કેસોમાં મહિલાઓને મદદ કરી છે. સુરતમાં ૫૭૯૦, વડોદરામાં ૩૩૧૭, રાજકોટમાં ૨૯૦૪, જૂનાગઢમાં ૧૦૫૭ અને ગાંધીનગરમાં ૧૦૯૦ ફરિયાદો આ હેલ્પલાઈનને મળી ચૂકી છે. સોશ્યલ સાઈટ્સના વધારે પડતા ઉપયોગને કારણે મહિલાઓને ત્રાસ આપવાના કિસ્સા વધી ચૂક્યા છે. ફેસબુક અને વોટ્સઅપ એ બન્ને એવા માધ્યમો છે કે જેના કારણે બિભત્સતાએ વધારે સ્વરૂપ પકડ્યું છે...

તમારૂં મકાન સુરક્ષિત છે તેવું સરકાર કહેશે ...

તમે મકાન ખરીદવા માગો છો પણ તમને બિલ્ડર છેતરે છે તો સાવધાન... સરકાર એવો કાયદો લાવી રહી છે કે જેનાથી મકાન ખરીદનાર અને તેની સંપત્તિને સુરક્ષા પ્રદાન થશે. કેન્દ્રની મોદી સરકાર એવું બીલ લાવવા માગે છે કે જેનાથી મકાન ખરીદનાર વ્યકિતને બિલ્ડર છેતરી નહીં શકે. ઉપભોક્તાના સંરક્ષણ માટે સરકાર ખૂબ સંવેદનશીલ છે તેવો દાવો ખુદ પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ તાજેતરમાં કર્યો છે. કેન્દ્રની એનડીએ સરકારે પ્રોપર્ટી ખરીદવા ૨૦,૦૦૦ રૂપિયાથી વધારે રોકડ રકમના વ્યવહારો પર નિયંત્રણ લાગુ કર્યું હોવાનું તો કહેવાય છે પરંતુ હવે બિલ્ડરો ઘરના કાયદા બનાવીને લોકોને છતરી શકશે નહીં. કારણ કે ૨૧મી જુલાઈથી શરૂ થતાં સંસદના ચોમાસુ સત્રમાં આ અંગેનું બિલ પસાર કરીને કાયદો બનાવવામાં આવશે જેને તમામ રાજય સરકારોએ પાલન કરવું પડશે...

ભાજપને સત્તામાં હંમેશા સન્નારી નડે છે ...

ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારે સત્તામાં આવે છે ત્યારે તેને પાર્ટીની મહિલાઓ નડે છે. મહિલા ચીફ મિનિસ્ટરો પણ રાષ્ટ્રીય પાર્ટીને નીચા જોવાની ફરજ પાડે છે. કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકાર હતી ત્યારે માયાવતી, મમતા બેનરજી અને જયલલીથા તેમને નડ્યા હતા. સંઘ પરિવારમાંથી સત્તામાં આવેલી મહિલા સાધ્વિ આગેવાનોએ પણ પાર્ટીને અગાઉ ખરાબ સ્થિતિમાં મૂકેલી છે. આજની નરેન્દ્ર મોદીની સરકારમાં બે મહિલાઓ લલીત મોદીના કેસમાં અને એક મહિલા કથિત કૌભાંડના મુદ્દે ફસાયેલી છે. કેન્દ્રના વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજય અને રાજસ્થાનના મહિલા ચીફ મિનિસ્ટર વસુંધરા રાજેએ લલીત મોદી સાથેના કનેક્શનમાં પાર્ટીની છબીને ડોહળી હોવાના આરોપ મૂકવામાં આવેલા છે, તો બીજી બાજુ મહારાષ્ટ્ર સરકારમાં પ્રધાન રહેલા પકંજા મુંડે ચિક્કી કૌભાંડમાં આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. જો કે આનંદની બાબત એ છે કે આપણા મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલના એક વર્ષના શાસનમાં એવો કોઈ ડાઘ લાગ્યો નથી...

તમે ૧૮ વર્ષના થયા એટલે ગુનો કર્યો ...

તમે ૧૮ વર્ષના થયા એટલે ગુનો કર્યો છે.. એમ કહી શકાય કે નહીં એ એક પ્રશ્ન છે. કારણ કે લોકશાહી દેશમાં ગુજરાત રાજય તેના સ્થાનિક ઈલેક્શનમાં ફરજીયાત મતદાનનો કાયદો લાવી રહી છે. અત્યંત વિવાદાસ્પદ બનેલા ભાજપ સરકારના આ નિર્ણયથી એક વર્ગને ખૂશી નથી. તત્કાલિન મોદી સરકારે વિધાનસભામાં પસાર કરેલા બે જોડિયા બિલો ૫૦ ટકા મહિલા અનામત અને ફરજીયાત વોટિંગ કેન્દ્રમાં એનડીએનું શાસન આવતા પસાર થઈ ચૂક્યા છે. ૫૦ ટકા મહિલા અનામતની ગોઠવણ તો રાજયના ચૂંટણી પંચે કરી દીધી છે હવે ફરજીયાત મતદાનના નિયમો બનાવવામાં આવી રહ્યા છે જેમાં પેનલ્ટીની જોગવાઈ છે. છેલ્લી બે મોટી ચૂંટણીઓ તપાસતાં એવું જણાય છે કે વોટીંગની ટકાવારી એવરેજ ૭૫ ટકા સુધી પહોંચી છે, એનો મતલબ એ થયો કે મતદારોમાં સૌથી વધુ જાગૃતિ આવી છે. આટલા ટકા વોટીંગ પછી આવેલી સરકાર કે સત્તા ન્યાયિક જ કહેવાય, પરંતુ અહીં સવાલ એ થાય છે કે ફરજીયાત મતદાનના કાયદા પછી શું ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં ૧૦૦ ટકા વોટિંગ થઈ શકશે?!!...

૧૭૦૦૦ કરોડમાં ગુજરાત પણ આવી જાય ...

ભારતના વિવિધ દેશોમાં વિવિધ કલાઓ મોજૂદ છે. વિદેશીઓને આકર્ષિત કરતી હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુનું માર્કેટ ખૂબ વિકસ્યું છે. એસોચેમના રિપોર્ટ પ્રમાણે ભારતની હેન્ડીક્રાફ્ટ નિકાસ વધીને ૧૭,૦૦૦ કરોડ થઈ છે અને ૨૦૨૦ સુધીમાં તે ૨૪,૦૦૦ કરોડનું વિદેશી માર્કેટ સર કરશે. ૨૦૧૪૧૫માં નિકાસનો આંકડો ૯,૦૦૦ કરોડ હતો જેમાં છેલ્લા એક વર્ષમાં ૮,૦૦૦ કરોડનો વધારો નોંધાયો છે. ભારતભરમાં હેન્ડીક્રાફ્ટના કુલ ૨૮૬૪ ડસ્ટર્સ છે જે પૈકી સૌથી વધુ ૩૨૫ એકલા ઉત્તરપ્રદેશમાં આવેલા છે. એ ઉપરાંત ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને ગુજરાતનો સમાવેશ થાય છે. ભારતના હસ્તકલાના આશિકોમાં ૨૮ ટકા સાથે અમેરિકા મોખરે છે. એ પછી ૧૧ ટકા હિસ્સો યુએઈનો અને ૫૫ ટકા હિસ્સો જર્મની, યુકે અને લેટિન અમેરિકાનો આવે છે...

જીએસટી આવશે ક્યા ફરક પડતા હૈ ...

જીએસટી એટલે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ આવશે પરંતુ આપણી મોંઘવારી ઓછી થવાની નથી, કારણ કે પેટ્રોલ, ડિઝલ અને તમાકુ જેવી ચીજો ઉપરના ઉંચા વેરા જીએસટી આવતા પણ ઘટવાના નથી. યુપીએ શાસનમાં જીએસટી અને પેટ્રોલડિઝલના દામમાં કાગારોળ મચાવતા એનડીએના ઘટક પક્ષો શાસનમાં આવ્યા પછી પણ યુપીએની પરંપરાને દૂર કરી શકવા શક્તિમાન નથી. ગુજરાતમાં પેટ્રોલ અને ડિઝલ પર વેલ્યુ એડેડ ટેક્સની ઈન્કમ ૨૦૧૪ના અંતે ૭,૦૧૦ કરોડ હતી જે આ વર્ષના અંતે ૮,૦૦૦ કરોડનો આંક વટાવી શકે છે. જીએસટી એપ્રિલ૨૦૧૬માં દાખલ થાય તો પણ ગુજરાત સરકાર પેટ્રોલ અને ડિઝલમાં લોકોને રાહત અપાવી શકે તેમ નથી, કારણ કે ગુજરાત સરકાર હવે ડિફેન્સ મૂડમાં છે. જીએસટી બિલ હવે રાજયસભામાં પાસ થવાની તૈયારી છે ત્યારે રાજયસભાની સિલેક્શન કમિટી સમક્ષ પણ આ વેરાના ભારણને ઘટાડવા ગુજરાત સરકાર કોઈ રજૂઆત કરી શકી નથી...